गुर्जर ग्रंथमाला मणका छठ्ठा

ॐ श्री चंडिका देव्यै नमः ।

# श्री भगवती.

## પ્રથમ તરંગ.

શ્રી ભગવતીના ભક્ત.
શ્રીયુત. ત્રિભોવનદાસ પુરશોત્તમદાસ-સોની
એમની પ્રેરણાથી શ્રી ભગવતી ભક્તિ
સમાજના માટે.
રચનાર તથા પ્રકટ કરનાર.
જીજીભાઇ સુરજમલજી—ગોહિલ.
કડી. ( ગુજરાત. )

સંવત ૧૯૬૮ પ્રથમ આવૃત્તિ. સન. ૧૯૧૨.

પ્રત. ૧૦૦૦

અમદાવાદ—શ્રી સત્યવિજય પ્રિન્ટિંગ પ્રેસમાં
શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું.

મૂલ્ય રૂ ૦-૧-૦ આનો.

। ॐ नमश्चण्डिकायै ।

# શ્રી ભગવતી.

## પ્રથમ તરંગ.

जयंती मंगला काली भद्रकाली कपालीनी ।
दुर्गा क्षमा शिवा धात्री स्वाहा स्वधा नमोस्तुते ॥

જયંતી, ( સર્વથી ઊંચી ) મંગળા, ( મંગળ કરનારી ) કાળી, ( સર્વને ભક્ષણ કરનારી ) ભદ્રકાળી, ( ભક્તનું કલ્યાણ કરનારી ) કપાલીની, ( ખોપરી ધારણ કરનારી) દુર્ગા, ( દુઃખે કરીને મળે એવી ) ક્ષમા, (ક્ષમા કરનારી ) શીવા, ( સુખ કરનારી ) ધાત્રી, ( ધારણ કરનારી ) સ્વાહા, દેવતાઓને પોષણ કરનારી ) સ્વધા, ( પિતૃને પોષણ કરનારી ) એવી હે દેવી તમને નમસ્કાર છે.

( अर्गाला स्तोत्र )

( ૧ )

### મંગળાચરણ.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

સર્વાધાર દયાળ દેવી સુખદા, પાયે અમે લાગિએ;
તન મન ધન અર્પણ કરીને અમે, પાપ ક્ષમા માગિએ;

પૂરો છો ઘટિતાર્થ સર્વ જનના, શર્ણે સદા રાખશો;
કૌટુંબીજન મિત્ર બન્ધુ સ્નેહે, પાળી શાન્તિ આપશો. ૧

( ૨ )

**દોધકવૃત્ત.**

મંગળમય માતુ શક્તિ તમારી, દીસે ભક્તને અતિ આનંદ કારી;
નિત્ય અખંડ સુજ્ઞાનજ આપો, શાન્તિકર શિરશેવક સ્થાપો. ૧

( ૩ )

**સ્તુતિ.**

ત્રિપુરારિ ભજ ધરી પ્યાર, દીલથી ત્રિપુરારિ ભજ ધરીપ્યાર;
મો નહિ રહે સંસાર, દીલથી ત્રિપુરારિ ભજ ધરીપ્યાર.
વગર વિચારે કર્મો કરતાં, કહો કેમ પામો પાર. દીલથી૦
નરતનું પામી ભાનજ ભુલી, સમરે ન માત લગાર. દીલથી૦
પુરણ પ્રેમે ભગવતી ભજીએ, જાની તત્વ વિચાર. દીલથી૦
રટણ શ્રવણ ને દર્શન કરતાં, થાય બેડો પાર. દીલથી૦
શોક સમાવી શાન્તિ આપે, કાપે મોહની જાળ. દીલથી૦
તન મન અરપી શરણ સ્વીકારી, પામી હર્ષ અપાર. દીલથી૦
મગ્ન થઈને રૂપ જય આપે, યશ પુષ્પની માળ. દીલથી૦
શોભિત સઘળી ભજન વિનાની, દેહ રહે ન લગાર. દીલથી૦
નીતિની નૌકા (અમ) સીધી ચલાવો, ગોહિલ તમ આધાર. દીલથી૦

( ૪ )

આવો (૨) કામણગારા કહું એક વાતડીરે—એ **રાગ.**

ભજો (૨) સિંધવાઈ દેવી પુરી ખાંતથીરે,
સજો ( ૨ ) ભકિત શણગાર ભલી ભાતથી રે. ટેક.
મળે સુખદધામ જેથી સજ્જનને, સજ્જન ઇચ્છતા એથી ભજનને,
મોહમાયા કપટ તજો દીન રાતથી રે,

દુર અહંકાર અજ્ઞાન કરીએ વાતથી રે. ભજો૦ ૧
મન પરમારથ માંહિ પરોવી, જીન્દગી શુભ કાર્યોમાં ખોવી;
હા હા બન્ધુ તેથી સુખ ભારી,
કરશે વિજય ભયને મારી લાતથી રે. ભજો૦ ૨

(૫)

## પ્રાર્થના.

શરણું ભગવતીનું સાચું રે, ગાજે છે શીરે;
જુઠી માયામાં નહિ રાચું રે, ગાજે છે શીરે. ટેક.
નમીએ દેવી ચરણે, ને ધ્યાન ધરીએ ભાવે;
કામ ક્રોધ મોહ જાવે રે, ગાજે છે શીરે. શરણું. ૧
શમ દમ સાથે પ્રીતિ, ને તૃષ્ણા દીધી છોડી;
નીતિથી ચિત્ત જોડી રે, ગાજે છે શીરે. શરણું. ૨
શુદ્ધ અંતર રાખીને, જે ભક્તિ રસ્તે વળતા;
સ્વ ધર્મને આચરતા રે, ગાજે છે શીરે. શરણું. ૩
દુઃખોથી નહિ ડરવું, ને સુખે નહિ ફુલો;
રાગ દ્વેશે નહિ ડુલો રે, ગાજે છે શીરે. શરણું. ૪
દુખદાયક રસ્તા મુકી, ને શુભે ડગલાં ભરતા;
સાચે તે માને ગમતા રે, ગાજે છે શીરે. શરણું. ૫
લખ ચોરાસી ભય જાયે, (ને) શરણે રહી ગુણ ગાતાં;
ભક્તિ નીરેથી નાતાં રે, ગાજે છે શીરે. શરણું. ૬
જગ માયા સર્વે જુઠી, જેમ પાણીનો પરપોટો;
છે પરપોટો એ ખોટો રે, ગાજે છે શીરે. શરણું. ૭
સ્વારથનાં સગાં બેલી, ને પ્રપંચ દાવો રમતા;
દુખ દેઇ દુર ભમતા રે, ગાજે છે શીરે. શરણું. ૮

નિર્મળતા જ્ઞાને ધારી, ને વેદ ચક્ષુએ જોતા;
**શિવ** શરણે મમતા ખોતા રે, ગાજે છે શીરે. શરણું. ૯
જયંતી મંગળ કરતાં, ને **કાળી ભદ્રકાળી;**
**કપાલીની દુર્ગા** ભારીરે, ગાજે છે શીરે. શરણું. ૧૦
ક્ષમા કરનારી **શીવા,** ને **સ્વાહા** ધારણ કરનારી;
**સ્વધા** દેવી દયાળીરે, ગાજે છે શીરે. શરણું. ૧૧
દેવી **ચામુંડે** પ્રીતે, ને વિજય સઘળે કરશો;
ભકતોની ભીડો હરશોરે, ગાજે છે શીરે. શરણું. ૧૨
**બ્રહ્માને** વર દેઈ, ને **મધુકૈટભને** માર્યો;
સ્તુતિ આ અંતર ધારો રે, ગાજે છે શીરે. શરણું. ૧૩
**મહિષાસુરને** સંહારી, ને **વિધાત્રી** વ્હારે ધાયાં;
રૂપ જય યશદો મંમાયારે, ગાજે છે શીરે. શરણું. ૧૪
**ચામુંડ** વધ કરીયો, ને **રકતબીજને** માર્યો;
**કાળ** શત્રુને સંહાર્યો રે, ગાજે છે શીરે. શરણું. ૧૫
**શુંભ નિશંભુને** સંહારી, ને **ધુમ્રાક્ષ** હણીયો ક્રોધે;
દેવતાઓ શરણું શોધે રે, ગાજે છે શીરે. શરણું. ૧૬
શત્રુનો નાશ કરજો, ને નમતાના કલેશ કાપો;
ક્ષમા દષ્ટિથી હરજો પાપો રે, ગાજે છે શીરે. સરણું. ૧૭
ભાવેથી પૂજન કરતાં, ને સૌભાગ્ય આરોગ્ય આપો;
કરી કલ્યાણ તિમિર કાપોરે, ગાજે છે શીરે, શરણું. ૧૮
સત્યતા જોમ વધારી, ને ભય શત્રુને મારો;
મોહ મત્સર ક્રોધ સંહારોરે, ગાજે છે શીરે. શરણું. ૧૯
લક્ષ્મી યશ વિદ્યા અર્પી, ને પરમેશ્વરી જય દેશો;
**અંબીકા** કંઠે રહેશો રે, ગાજે છે શીરે. શરણું. ૨૦

**વિષ્ણુ શંકર ને ઇન્દ્ર**, ને સમરે **બ્રહ્મા** ભાવે;
અજ્ઞાન દૈત હઠાવે રે, ગાજે છે શીરે. શરણું. ૨૧
શેવકને આનન્દ દેતાં, ને ધન સંપતિ આપો;
ઇચ્છા પુરી દુખો કાપો રે, ગાજે છે શીરે. શરણું. ૨૨
મોહ સમુદ્રપાર ઉતારી, ને સત પાત્ર સંગત દેજો;
**ઓહિલને** શરણે લેજોરે, ગાજે છે શીરે શરણું.

( ૬ )

**પદ.**

સદાય હું તો સરણ ચરણ રહુ તારી,
કૃપા કરી અર્પો મુને બુદ્ધ સારી. ટેક.
આ ભવસાગર અલ્પ સુખ નહિ, સર્વે છે સંકટ કારી;
તેમાં ક્ષણ ક્ષણ રટણ કરૂં છું, હું અલ્પ જીવ વિકારી—કૃપા ૧
દયા કરી દીન દાસની ઉપર, દ્યો યશ કલ્યાણ કારી;
કરગરીને શરણ ચહું છું, ભક્તિ દીયો ભયહારી— કૃપા૦ ૨
ચિત્ત કરૂં ચર્ણાર્પણ નિત્યે, નારાયણી મહાકાળી;
અક્ષર અલ્પમાં વિનતી કરૂં તે, સ્વીકારો કૃતિ વિચારી— કૃપા૦ ૩
ક્ષણે ક્ષણે ઉપકાર કરો છો, ભકતો સંકટ નિવારી;
મનુષ્ય દેહ દયા કરી દીધો, પ્રેરો મતિ બહુ સારી— કૃપા૦ ૪
પ્રણમી પાપની ક્ષમા માગીએ, પાસે હે ચંડી તમારી;
અલ્પ સ્તુતિ ભગવતી કરીએ, દયા ધરી લેજો સ્વીકારી— કૃપા૦ ૫

( ૭ )

સાચો સાહેબ જગકીરતાર—એ રાગ.

સુરખ નવ સમજે જરીએ સાર, માથે મર્ણ તણો છે માર.
વળી છે ખોટો કળીયુગ કાળ, બચવા દેવી મુખ સંભાળ—સુરખ.

ભજ અંબા સુખ ધામ જગમાંજે, વસે સુપાત્ર તણા મન માંતે;
અરપી સુખ અપાર—માથે૦ ૧
કુકર્મ જનમાં વધ્યો અતિશે, સકલ સજ્જન તેથી બીસે;
દેવી સુખ દેનાર—માથે૦ ૨

( ૮ )

કરી વિચાર ( ૨ ) વદો મમ તાત—**એ રાગ.**

ધરી ધીર (૨) સ્મરો મન ભ્રાત, સુખ થાશે કહુ શાક્ષાત-ધરી૦
માહા મોક્ષનું દ્વાર જણાયે, ભજે સ્વર્ગ સજ્જન તે જાયે;
પ્રીતે સાચ કરે જગ માયે.
અરે ધાય ધાય, પૂજો સુખ થાય, ભય દુર જાય,
શાન્તિ દે માત-સુખ થાશે કહુ શાક્ષાત-ધરી૦

( ૯ )

અરે હું મસ્તાન પ્રેમની મને કોઇ ન છેડેરે—**એ રાગ.**

સાચું સહુ અંબા ધામ નામ જગમાં જાણોરે,
જગમાં જાણોરે, વીરો તમે જગમાં જાણોરે,
સર્વ કાલ સરણુ રહી મોજ માણોરે-સાચું,
મંગળ મય માતુ ભજો. અર્થ સફળ સહુ થાય;
અંબીકા સમરણુ થકી, સહેજે ભવ તરાય.
દાતાર એ સુખકાર જાણો શોના ખાણોરે-સાચું.

( ૧૦ )

મહારાજાશ્રી સયાજી—**એ રાગ.**

ભય હરનારી બહુચર દેવી દો શુભમતિરે, સારી ગતિરે- ટેક.
સદૈવ પાળી શાન્તિ આપો, ત્રિવિધ દુખ અમારાં કાપો;
પ્રસન્ન પૂર્ણ થઇ પાપ પ્રજાળીદો અતિરે- ભયહર૦ ૧

પતિતજનને પાવન કરતાં, વિઘ્ન વિપત્તિ સર્વે હરતાં;
પાલક માત તમે સુધારી અમ રતિરે- ભયહર૦ ૨
કરી કરૂણા મુક્તિજ દેશો, દયાળી દાસને શરણે લેશો;
રહેશો હૃદયમાં તમ વીણ બેલી કોઇ નથીરે- ભયહર૦ ૩

( ૧૧ )

## વિમળની વિનંતી.

હોય ઇંગ્રેજી નક્લની કરનારી—એ રાગ.

ભજો માત અંબિકા આનન્દકારી,
દ્રવ્ય દીધુ વિમળને ભક્ત નીજધારી. ટેક.
પૈસો મળવાથી વિમળ છકી ગયો બહુ,
ગુરૂ કૃપાથી મળીયુ આતો સહુ;
વિનવ્યો માયે ફરી, સમજ્યો ન મૂઢ જરી;
વદતાં દહન કરી લક્ષ્મી લીધી હરી-ભજો૦
ચાલ્યા ગોળાગગને ત્યારે સમજ્યો એ મનમાં,
લીધું નામ તનમાં,
દયાળુ દેવી થઈ પ્રસન્ન તેને ફરી,
કુંભાળીયાં દેવળ ઉગર્યાં પાંચ વળી,
દેવી ભકતોને એમ સુખ કરનારી—ભજો૦

( ૧૨ )

નિર્લજ થઇ નર જેહ જગતમાં—એ રાગ.

ભાવ ધરીને ભકતો ભકિત માત તણી કરતા,
મોહ વાદળ સહુ દુર કરીને ભગવતી ઉચ્ચરતા,
આરાસુરીનું સાચું સમરણ જે અંતર ધરતા,
ભજતાં દીન દયાળુ દેવી જરી નહિ ડરતા—ભાવ૦ ૧

પર ઉપકારે પવિત્ર મનથી અહરનીશ ફરતા,
ભાવે ભજન કરનાર **સદાયે** સત્ય ઉચ્ચરતા,
કરી અમૃતમય ભક્તિપાનને રહે ધર્મે ઠરતા,
અંતે તેમને ચરણકમળ જગમાત તણા મળતા-ભાવ૦ ૨

( ૧૩ )

ગજલ.

અખંડ જ્યોતિ દીલ દરિયા મહિ ઉઠાવો.
મૃગજળ સમ ગતિ સઘળી નહિ ફસાવો—અખંડ૦ ૧
તનમન અર્પણ કરીને શિર ઝુકાવો,
લાત લોભ ક્રોધ મદ મોહ ને લગાવો—અખંડ૦ ૨
લઇ શુદ્ધ જ્ઞાન શક્તિ આગે ધુન ગજાવો,
પીઓ ભક્તિવારિ પ્રેમ આણી મોહ દઝાવો—અખંડ૦ ૩
તાણો તંત ભજનનો ન જીન્દગી ગુમાવો,
બહુ બળજોર બહુચરી હૃદય વસાવો—અખંડ૦ ૪
રહિ સદાય આનંદમાં લઈ ભક્તિનો લ્હાવો,
**ગોહિલ** શાન્તિ પામે **અમૃત** પીવો અને પાવો-અખંડ૦ ૫

( ૧૪ )

**ગરબો.** ( નવરાત્રિના મણીપુર મંડપમાં. )

ગાઓ ગરબો દેવી પવિત્ર આજે ચોકમાંરે,
બીરાજે ગોખમાંરે-ગાઓ૦
શાન્તિ ચિત્તે ભજીએ નિત્ય દેવી, નમી નમીને તાળી લેવી;
આવો રમવા મિત્રો આજે આ નવરાત્રમાંરે,
બીરાજે ગોખમાંરે—ગાઓ૦ ૧
સોમે શૃંગાર માત વખાણો, ભક્તિ સાચી અંતર જાણો;

શું શોભે છે સ્થાપન આ નૌત્તમ ભાતમાંરે,
બીરાજે ગોખમાંરે–ગાઓ૦ ૨

મંગળ વારે મંગળ કરતાં, ભાવધરી પીડાઓ હરતાં;
કરીએ પૂજન લાવી મન નિરાંતમાંરે,
બીરાજે ગોખમાં રે. ગાઓ૦ ૩

બુધે માત બિરાજ્યાં શોભે, દર્શન કરવાને મન લોભે;
ફરકે ધ્વજાઓ શિખરે ભલિ ભાતમાં રે,
બીરાજે ગોખમાં રે. ગાઓ૦ ૪

ગુરૂવારે શુભ ગમ્મત કરવી, ઓચ્છવ કરી લીલા અંતર ધરવી,
બોલો જય જય હરખે આ શોભિત ચોકમાં રે,
બીરાજે ગોખમાં રે. ગાઓ૦ ૫

શુક્રવારે સમરણ કરો સાચે, ધ્યાન ધરતાં દેવી મન રાચે;
રાખે સદાય ખુશી શેવકોને નોખમાં રે,
બીરાજે ગોખમાં રે. ગાઓ૦ ૬

શનીવારે સંકલ્પ કરવા, સત્ય વાત અંતરમાં ધરવા;
આપે દર્શન દયાળુ સહુના સાથમાં રે,
બીરાજે ગોખમાં રે. ગાઓ૦ ૭

રવીવાર રળિયામણો લાગે, નમો નિત્ય ભગવતી આગે;
નિર્મળ જપવું નામ માળા લેઈ હાથમાંરે,
બીરાજે ગોખમાં રે. ગાઓ૦ ૮

(૧૫)

### ઢિંઢિ.

ગાઉં આનંદે અંબિકા શુભ નામ, વસ્યાં છો શાન્તિ દેવા સકળ ધામ;
ઉમયા મયાથી પામું વિરામ, કરૂં ઈન્દ્રાણી બ્રહ્માણી પ્રણામ. ૧
મહાલક્ષ્મી ઠામો ઠામ બિરાજો, હરસીધ ચામુંડા સૃષ્ટિ વિષે ગાજો;

હિંગળાદ તુળજા અંબાઇ પાયે લાગું, અરબુદા **આશાપુરી** આશ માગું.૨
ખોડિયાર ખેચરીને કાળી સમર્થ, કમળા કાત્યાયની ભાવે પુરો અર્થ;
બાળી બહુચરીરે દોષ સમાવો, પ્રેમવારિ તમે વારાહિ વરસાવો. ૩
ફુલબાઇ સિંધવાઈ ધ્યાન સાચું ધારૂં, કનક કનકાઇ આનંદા ઉચ્ચારૂં;
**અષ્ટભૂજા** નમ્ર અરજ માની લેશો, **અન્નપૂર્ણા** શુભાશિષ સદા દેશો.૪
નીરખુ નિત્ય હૃદય ભવાનીનું નુર, શરણુ રહી સદા યાદ કરૂં ઉર;
કીધાં પાપ કર્મ શુભનામ છોડી, બચાવો ચરણે શરણે આવું હું દોડી.૫
શક્તિ શક્તિ થકી કાર્ય સર્વ થાય, કૃપાવિણ કૃત્ય અર્થ વ્યર્થ જાય;
સત્ય ધર્મ જ્ઞાન ભગવતી આપો, શાન્તિકર સકળ જગત શિર સ્થાપો.૬

(૧૬)

### લલિતવૃત.

સિંધવાઈ અમે પાય લાગિયે, કપરાં કર્મોની દયા માગિયે;
સદ્દગુણો દઈ પ્રેમ લાવશો, અંધ દુરમતી થકી બચાવશો. ૧
દાસ જાણીને શાન્તિ આપશો, ભક્તિ અરપીને પ્રેમ સ્થાપશો;
સબળ શક્તિ છો રક્ષણો કરો, વિનતિ બાળની લક્ષમાં ધરો. ૨

(૧૭)

### ગાગરનો ભાર છે કે સાગરને જીતી જાશે—એ રાગ.

ભક્તિનો સાર છે કે ભાવી ભવ તરી જાશે,
નીત્યની જપ માળથી એ કો દીતો સ્હાયે ધાશે,
અહંકારી માર્યો જાશે, ગર્વથી ગોધા ખાશે. ભક્તિ.
નિરધનીયા નર જલદી તર એ લક્ષ્મીથી થાશે,
ભક્તિ સુખ ધામ ખરી આખરે જણાઇ જાશે,
ક્રોધ માયાને મુકો, કપટ વિષય ચુકો;
કામથી પરવારી નામ લીધાથી શાન્તિ થાશે. ભક્તિ.

(૧૮)

**સૈયર સુખ કર સંસાર—એ રાગ.**

સહુ પ્રીત ધરીને નરનાર માજીને ભજીએ,
રહી શરણુ સિંધવાઈ સદાય પાપોને તજીએ. ટેક.
પ્રેમ ધરીને પૂજન કરતાં, આનંદ ઉર ઉભરાય રે;
ભય નિવારણ શાન્તિ દેશે, વિકાર વસમા જાય. માજી૦ ૧
ક્ષમા કરી અપરાધો સઘળા, ઉતારે **ભવ** પારરે;
સાચે શકિતનાં દર્શન કરતાં, મળશે મોક્ષ દ્વાર. માજી૦ ૨
શિર સાસ્ટાંગે પ્રણામો કરતાં, થાયે સંકટ નાશ રે;
અજ્ઞાન તિમિરનો અંતજ આવે, થઇ રહો દેવીદાસ. માજી૦ ૩
અપવર્ગની ઇચ્છા રાખીને, ભજીએ દેવી શિરતાજરે;
દીનદયાળી મંગળ કરતાં, રાખે સઘળી લાજ. માજી૦ ૪
પ્રમ ધરીને પૂજન કરતાં, સુખ મળે સંસાર રે;
દર્શન દેશે દયાળુ દેવી, કરી સંકટનો સંહાર. માજી૦ ૫

( ૧૯ )

મારા હૈયા કેરા હાર નજર કયાં આવશે રે—**એ રાગ.**

રૂડા નવરાત્રિના દીન દીસે મન ભાવતા રે;
પહેરો હીરચીર હેમના હાર દીલ દીપાવતા રે. રૂડા૦
ગુણીયલ ગરબા પ્રીતેગાવા, જેથી સજ્જન કેતા વાહવા;
દેવીદાસ ખુશી થઇ મન મલકાવતા રે. રૂડા૦
અંતરિક્ષ દેવી સહુ આવી, સ્થાઇ થયાં છે મન મલકાવી;
મગ્ન થઇને ધ્યાનજ ધરશું, ઇચ્છિત વસ્તુની અરજો કરશું;
હરખે અરપે સુખો જનની ફાવતારે. રૂડા૦

(૨૦)

અરે શું માનવનો અભીમાન. એ રાગ.

સાચું શરણુ ભગવતીનું જાણુ, મોક્ષદ્વાર મળીજશે રે,
અરે મિત્ર ભકિત મનમાં આણુ, ભવ પ્રાચિન જશેરે,
સુખ શાન્તિ થશે રે. સાચું૦
ભવ સાગરમાં નાવડુ સુખનું ના આ............રે મળે,
આશ્રયરૂપી માત ઉગારો આ આ............રે પળે,
પ્રીતે ભજો લેઇ નામ. સાચું૦
સ્વાર્થી સંસારે પળ એક બન્ધુ સુખની ના આ........રે નથી,
પુન્યપાપ શિવાય સંગાથે ના આ........ને નથી,
મનમાં જરીએ માન. સાચું૦
જુઠી કાયા માયાને આ સંસારીક પ્યાર ધારજો,
જરી બન્ધુ મન સમજીને કરો પુન્ય વ્યાપારજો,
ભાવે વંદન ભગવતી કરતાં કઇક ઉતર્યા પાર જો,
સમજ સમજ અંતર હવે કર ખોજ લગારજો. સાચું૦

(૨૧)

સુંદીર સામળીયા. એ રાગ.

નજર કરી દીન દયાળ. ભકતો પાર ઉતારો,
નીત નીત લેઇ સંભાળ, ભય સંકટથી ઉગારો, નજર૦
અંબિકા જપું નામ તમારૂં, સાચો આસરો હૃદયમાં ધારૂં;
હર્ષ ધરી નીત નામ ઉચ્ચારૂં, શકિત વીણ સઘળુ અંધારૂં.
દાસ જયંતી ધારો. નજર૦ ૧
આરાસુર અવનીમાં ગાજે, મંગળદાતા માત બિરાજે;
ભકત ભજે ભાવે એક અવાજે, અજ્ઞાન અસુરને હણુવા ધાજે;
સાચો એ અમ આરો. નજર૦ ૨

રમણિય માન સરોવર કહાવે, પ્રેમ ધરી નરનારી નહાવે;
દર્શન કાજે હરખથી આવે, જયજય વદતા ગોખે ધાવે.
આવે નહિ દુઃખ વારો. નજર—(જોઈએ)

( ૨૨ )

પ્રપંચપર જે પ્રીતિ કરશે–એ રાગ.

સરસ્વતી શરણુ હૃદયે ધરશે, પ્રીત ધરીને પૂજન કરશે;
તે સુખ શાન્તિ સમજથી ભરશે, અજ્ઞાન અંધથી જરી નવ ડરશે.
સત્ય વચનને રાખે પાસ, ક્રોધ વચનનો કરીને નાશ;
સહેજે વિધાત્રા સહાયે તરશે, વીધી અંકુશથી નવ ડરશે.સરસ્વતી૦
હાંસ ધરી ભણવું એજ સાચું, કુદરત કુસુમ જરી નવ કાચું;
સજજન કોઈ રંજજન કરી દેવી, ( નીત )
ભક્તિ પ્યાલાને કર ધરશે —સરસ્વતી૦

( ૨૩ )

લલિતવૃત.

જય વિજય કરો માતુ માહરી, વિપતિ દોષ હરો કૃપાતો કરી;
નમિ નમિ સદા પાય લાગિયે, દુરિત દુઃખની માફી માગિયે. ૧
દયા દૃષ્ટિથી દુરમતિ હરો, સકળ આસરો માત તાહરો;
તમ પ્રતાપથી શાન્તિ તો મળે, વિપત વાદળો સર્વદા ટળે. ૨
ભ્રમિત બુદ્ધિથી અંધ થઈ મતી,તદપિ ભગવતી દ્યો રૂડી ગતી;
ચાચરે ચડીને શરણ ચાહુંછું, મુક્તિતો દીયો ગુણ ગાઉછું. ૩

( ૨૪ )

શાને શાને (૩) રીસાયે શાણી હો. એ રાગ.

જોને જોને (૩) છાપર ધામ હો સુખકારી સદાય મન માની.ટેક.
પ્રાતઃકાળે સ્નાન કરીને, આદિત વારે ધ્યાન ધરીને;
પાયે પાયે (૩) પડીને વીનવે, લેઇ સાચી સુરત મન માની.જોને.૧

ધ્યાન ધરી ઉભા રહો હજુરમાં, સમરણ સાચુ લાવો ઉરમાં;
ધાઓ ધાઓ (૩) સિંધવાઈ ધામહો,ગણી અવની સર્વે તોફાની—જોને.૨

( ૨૫ )

### શાર્દુલ વિક્રડિત વૃત.

જોડુ હું જગતમાત હાથ બંને, દાતા દયાળુ સદા;
શેવા તારી હું તો કરૂં સુખદાતા, અરપો શાન્તિ સર્વદા;
સત્કર્મો કરવા સદાય સરણું, પ્રેમે અમે માગિયે;
સાષ્ટાંગે તમને વિનય કરીને, ચર્ણે સદા લાગિયે.— ૧

( ૨૬ )

આ શું ક્ષત્રિમાંહે અનીતિ આઇ—**એ રાગ.**

પૂજો ભાવધરી તમે સહુ ભાઇ (૨)
અંબા ભજવા આરાસુર જાઓ ધાઈ પૂજો૦
થાશે સુખરે, નાશે દુખરે, ભાગે મન તણી સહુ ભુખરે;
આનંદ તન મન થાય, જગ સુયશતો ગાય;
લાગો પ્રીત ધરી પાય, ભય જાય, શાન્તિ થાય-પૂજો૦

( ૨૭ )

### ગરબો રાસડો.

જુવો આરાસુર સુખકાર અપાર, પ્રેમે પ્રેમે ભક્તિ સૌ કરીએ;
સાચે રાચે દેવી દીન દયાળ જયકાર, ભાવેમાત અંબિકાને ભજીએ પ્રેમે
પ્રફુલ્લિત ચિત્તે સહુભજો, સંકટ થાયે દુર;
શાન્તિ સહુ જનમાં વધે, પામો હર્ષ ભરપુર.
ભકતો મંગળ ગુણો ગાય આનન્દ મન ધરેરે,
કૃપાળુ દેવી પ્રશન્ન તો થાય મલિન મતિ ટળેરે;
શાન્તિથી ધરો ભગવતીનું ધ્યાન, શરણ ગ્રહે પામો સદા વિરામ,
જો જોતાં આનન્દ વધ્યો, પ્રસર્યું સુખ અપાર;
ભવાબ્ધિ તરવા ભાવથી, બોલો જય જયકાર,

સાચે સમરે શક્તિ જે સદાય, તેનો જન્મ સફળતો થાય;
અખંડ અનંત મંગળ ગુણગાય, સહેજે દુસ્તર દુનિયા તરાય.
છેલ્લી આ સહુ અમતણી, ધરજો વિનતિ ધ્યાન;
આરાસુરી સમરણથકી, મળે મોક્ષ નિરવાણ.—ભકતો.

(૨૮)

તમો પર જાઉંવારી રે--એ રાગ.

ભજો સહુ પ્રેમ ધારી રે. (૨)
આનંદકારી એ દયાળી દેવી દેતી સુખ ભારી,
ભક્તિ રૂપાળી લીયો સહુ મન મારી રે. ભજો.
જગજનની સહેજે લેતાં શેવક ઉગારી,
પ્રસન્ન વદન કરીને હરે ભીડો ભારી રે, ભજો.
જીન્દગાની સુખકારી તેથી સદાય થનારી,
ઘણું ઘણું કહ્યું મિત્રો મારા લેજો વિચારી. ભજો.

(૨૯)

## આબુની નિહાળીને.

પાતળીયા પરિશ્રમ લીઓ શાને—એ રાગ.

આબુની રચના અતિવ સુન્દીર, ફેલાઇ ચારે પાસ ચારે પાસરે.
જેના વિષે અંબાદેવી બિરાજે, જોતાં દુખનો નાશ થાયે નાશરે.
પુષ્પ ખીલેલાં છે, ભૂતળ પડેલાં છે; સામે અડેલાં છે.
આ........................દીલ ઠરે, મન હરે. આબુ.
( મન હરણ વસંતની તો બલીહારી. )
( દેવી રચના તેમાંજ શોભે સારી. )
શોભિત શિખરે નજર નાંખતાં, રમણિય આકાશ આ આકાશરે,
જુદી જાતિ તણાં, જંતુ વસે ઘણાં, કાંઇ નહિ મણા.
આ........................ખગ તણી, શોભા ઘણી. આબુ.

( ૩૧ )

## તોટકવૃત.

છો પરમેશ્વરી કૃપાળ તમે,
ટાળો સહુ મોહ નમીએ અમે;
લાવો ઉર આનન્દ હર્ષ ઘણો,
લહો શરણ શેવક છું દાસતણો. ૧
નથી કોઇ માત વીણ બેલી ખરે,
શુંકીને શીદજ પાછું ગળે;
ભાવે ભજમાતને શાન્તિ મળે,
ઈશ્વરી અતિહર્ષ ગોહિલ ધરે. ૨

( ૩૨ )

## સ્તુતિ.

શિરપર, કરધર, સુખકર, દુઃખ હર.
અરજી ઉરધર, તાપ પાપ હર, અષ્ટ ભૂજધર,
રંગ રંગકર. શિર૦
ભરભર સકળ, શુદ્ધ બુદ્ધિભર, શાન્તિ જગ કર,
ભીડ ભય હર, અગમ અગોચર, દુર કાળ ચક્કર,
રંક સુખ કર. શિર૦
વિવિધ વિપત્ત હર, દયા દીલધર, પાપિ ચિત્તહર,
નિરભય ભકત કર, દેવી નજર કર, આનંદી અવસર,
ગોહિલ અરજધર. શિર૦

**શ્રી ભગવતી પ્રથમ તરંગ સમાપ્ત.**

સર્વ રસ પુરીત, કનક-કાન્તા અને કિર્તિ સામાજીક નવલ.

ગુર્જર સંસારના રંગનો આબેહુબ ચિતાર બતાવનારી નવલકથા.

# ગુર્જર ગ્રંથમાળાની નોંધ.

| પુસ્તકનું નામ. | | મુલ્ય. | માર્ગવ્યય. |
|---|---|---|---|
| ૧. શ્રી સિધ્ધવાઈ સ્તુતિ. | (મણકો ૧ લો) | ૦-૨-૦ | ૦-૦-૬ |
| ૨. શ્રી મનોરંજન દેવીપ્રાર્થના | (મણકો ૨ જો) | ૦-૨-૦ | ૦-૦-૬ |
| ૩. વ્યસનો વિષે વિચાર | ( ,, ૩ જો ) | ૦-૧-૬ | ૦-૦-૬ |
| ૪. મૂર્ખપુરના રાજ્યમાળા ( રસિક બોધદાયક નવલ કથા દ્વિતીય આવૃત્તિ. ) | ( ,, ૪ થો ) | ૦-૮-૦ | ૦-૧-૦ |
| ૫. શિશુ સંરક્ષણ | ( મણકો ૫ મો.) | ૦-૧-૩ | ૦-૦-૬ |
| ૬. શ્રી ભગવતી ( પ્રથમ તરંગ ) | ( ,, ૬ ઠો ) | ૦-૧-૦ | ૦-૦-૬ |

નીચેના ઠેકાણેથી ઉપરનાં પુસ્તકો રોકડી કિંમત મોકલી મંગાવી લો.

**જીજીભાઈ સરજમલજી-ગોહિલ.**
મુકામ કડી. (ઉત્તર-ગુજરાત)

**ચુનીલાલ હરિલાલ-શાહ.**
સ. ગુ. નિશાળના હેડમાસ્તર
મુકામ બાલીસણા તા. પાટણ

**કલ્યાણસિંહજી દાજીભાઈ-ગોહિલ.**
મુકામ-રણુંજ તા. પાટણ.

ચાર, પ્રેમ, શૌર્ય આદિ રસથી ભરપૂર હૃદયને આકર્ષનાર અદ્ભુત ચિત્ર.

વિદ્વાનોએ ઉત્તમ અભિપ્રાયો આપેલા છે. મૂલ્ય રૂ. ૧-૦-૦. ...